ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ફરી જળ થવાની બરફને ઉતાવળ,
સમયસર જવાની સમયને ઉતાવળ.

કશું બોલવાની અધરને ઉતાવળ,
નવું ભાળવાની નયનને ઉતાવળ.

ગઝલ ખેડવાની શબદને ઉતાવળ,
હશે ઊડવાની ગગનને ઉતાવળ !

નથી પોઢવાની નગરને ઉતાવળ,
નયન વાંચવાની પ્યણયને ઉતાવળ.

ચૂલો ફૂંકવાની પવનને ઉતાવળ,
અલખ પામવાની ભગતને ઉતાવળ.

- હરીશ જસદણવાળા

## પાથેય

- રમેશ ઠક્કર

# વિસ્મયનું વ્હાલ...

આપણે ત્યાં કહેવત છે કે "ઉતાવળે આંબા ના પાકે" એનો અર્થ એટલો જ કે કોઇપણ ઉત્તમ ચીજ,વૈભવ કે જ્ઞાન એમ સરળતાથી મળી જતું નથી..આંબા ઉપર કેરી પાકે છે જે ફળોનો રાજા કહેવાય છે.ઝડપથી ફેલાઇ જાય એ બાવળ હોય છે..એને ના કોઈ ફળ આવે છે નથી કોઈ ફુલ બેસતાં..બાવળ એ ફકત ભૂતાવળ જેવો હોય છે..સફળતાનો રસ્તો લાંબો હોય છે..ઘાસમાંથી સીધેસીધું દૂધ બનતું નથી..એ ગાયનો ખોરાક બને એ પછી એનું અવતરણ થાય છે..એ જ દૂધ દહી બનીને વલોવાય ત્યારે માખણ બને..અને પછી બરાબર તપે એટલે ઘી બનતું હોય છે..ઘાસથી ઘી બનવું એટલું સહેલું હોતું નથી..આમછતાં ધીરજ માગતી આ પ્રક્રિયા પછી જે પ્રાપ્ત થાય છે એની મજા અનોખી હોય છે..આ મોડું થવું એ પણ મજાનું બની જાય છે.

ચોમાસું હવે ચાર વેંત છેટું છે..એના અણસારને હવામાન વિભાગ પ્રિ-મોન્સુન એક્ટિવિટી કહે છે... ચોમાસું એકલું નથી હોતું.એનું આખું પેકેજ હોય છે..કવિઓ માટે તો કલ્પનાઓના ઘોડા દોડાવવાની મેદાન બની જાય છે..મેઘની મોહજાળ પાછળ ઘેલી થઈ જતી કોઇ કુંજડી અને એનો મધુર અવાજ કવિને પણ ઉશ્કેરે છે..કુંજડી પાછળ દોડી જવાનું મન કવિને જ થાય ! વરસાદ એટલે જ બધું ઓળઘોળ..ઉપરતળે..સાન ભાન ગુમાવી દેતા વરસાદી માહોલમાં સૂરજનાં કિરણો પણ લથડિયાં ખાઈ જાય છે..એ પણ સીધાં રહી શકતાં નથી..આપણે વાતવાતમાં શેર શાયરી કરતા રહીએ છીએ એની ચમક રેડિયમ જેવી હોઇ શકે..આપણે જો સૂર્યની છટા જોવા હોય તો કોઇ શ્લોકનો વૈભવ માણવો જોઈએ.એકાદ બે પંકિતઓમાં કવિ કેટલું બધું કહી જાય છે ?

કવિતા એક અજાયબ ઘટના હોય છે..એના નાનકડા દેહમાં કેટકેટલો વૈભવ સમાયેલો હોય છે! અચરજ જોવા માટે આપણે ખાસ તાલીમ લેવી પડે કે કોઇ ગાઇડની મદદ લેવી પડે..કવિ કે સર્જક માટે વિસ્મય જોવું સહજ હોય છે..સામાન્ય લાગતી કોઇ ઘટના કે કોઇ ચીજ એના પ્રચલિત ઉઘાડ સિવાય કવિ સામે ખુલતી હોય છે..આવું એકાદું કુતુહલ જયારે શબ્દોનો મુલાયમ ગૂંથણીમાં પરોવાય છે ત્યારે એક અનોખું ભાવવિશ્વ ઉભું થતું હોય છે..માણસની આંખમાં જોઇ એને માપવાનો જેમ મહાવરો આપણને માણસપારખુ બનાવે છે એમ જ કોઇ કાવ્યની આરપાર પસાર થવાથી આપણે વિસ્મયનું વ્હાલ પામતા થઈ જઈએ છીએ..

# કેટલીક મોર્ડન માતાઓ, જે મહાન માતા નથી

માતૃદેવો ભવ એ આપણી સંસ્કૃતિ છે. માતા અને પિતાને તો આપણે ભગવાન કરતાં પણ ચઢિયાતા ગણીએ છીએ. માતા-પિતાની સેવા કરવી, તેમને આદર આપવો એ બાબત આપણી સંસ્કૃતિમાં અત્યંત સહજ છે. એ રીતે જોઈએ તો માતા-પિતાનો દિવસ આપણે વર્ષમાં દરરોજ ઉજવીએ છીએ.

માતા હંમેશાં મહાન હોય છે. કોઈકે સાચું જ કહ્યું છે કે ઈશ્વર પોતે ઘરે-ઘરે જઈ શકે તેમ નહોતો, તેથી તેણે માતાનું સર્જન કર્યું. બાળકને પોતાના ગર્ભમાં નવ મહિના સુધી રાખીને તેને જન્મ આપીને, તેનો શ્રેષ્ઠ રીતે ઉછેર કરવો તે કામ માત્ર માતા જ કરી શકે છે. એવું કહેવાય છે કે જે રાહ જુએ છે તે મા હોય છે. અમારા એક વડીલ મિત્ર ડૉ. અશોક શાહ કહે છે કે, ‘જો ઘરે માતા રાહ ન જોતી હોત તો કદાચ મનુષ્ય જાતિએ ઘર જ ના બાંધ્યું હોત.’ કેટલી સરસ વાત છે ! માતાનો મહિમા કરીએ તેટલો ઓછો છે, પરંતુ બધી જ માતાઓ મહાન નથી હોતી. તેમાંય આધુનિકીકરણને કારણે જે કેટલાંક પરિવર્તનો આવી રહ્યાં છે તે પરિવર્તનો માતાના મહિમા સામે આંગળી ચીંધતાં હોય તેવું લાગે છે.

જુઓ કેવી છે આજની મૉર્ડન માતાઓ ? આ એવી માતાઓ છે, જે શરીરથી માતા બની જાય છે, પરંતુ હૃદય અને મનથી માતા બની શકતી નથી. આ માતાઓ સાચુકલી માતાઓ નથી હોતી, પરંતુ કહેવાતી માતાઓ હોય છે.

બાળક જન્મે પછી તેને ખોરાક માટે સૌથી પહેલી જરૂર પડે છે દૂધની. માતાનું દૂધ તેના માટે સૌથી શ્રેષ્ઠ હોય છે. આજની સુધરેલી અનેક માતાઓ પોતાના નવજાત બાળકને પોતાનું દૂધ નથી પીવડાવતી. કેમ ? અરે ભાઈ, તેનું ફિગર બગડી જાય છે. જો તે બાળકને દૂધ પીવડાવે તો તેનું સૌંદર્ય ખંડિત થાય છે. આવી મહાનતમ મૉર્ડન માતાઓ બાળકને બજારું દૂધ પીવડાવે છે. બોલો, આવી માતાઓને અભિનંદન આપવાનું મન થાય ?




આજકાલ આપણાં લાખો-કરોડો બાળકો જંકફૂડ ખાઈ રહ્યાં છે. મેંદો ખાવો તેના કરતાં ફેવિકૉલ ખાવો સારો. મેંદો પચવામાં ખૂબ જ અઘરો હોય છે. જંકફૂડમાં સ્વાદ હોય છે એટલું જ નુકસાન પણ હોય છે. આજકાલની સુધરેલી માતાઓના પ્રતાપે આપણા ત્યાં જંકફૂડ સંસ્કૃતિની સાથે-સાથે પડીકાં સંસ્કૃતિ પણ વિકસી છે. આરોગ્ય શાસ્ત્ર એવું કહે છે કે ખોરાક તાજામાં તાજો ખાવો જોઈએ. પડીકાંમાં જે વ્યંજન હોય છે તે અનેક દિવસ પહેલાં બનાવેલું હોય છે. આ વ્યંજન લાંબો સમય સુધી બગડે નહીં તે માટે તેમાં કૅમિકલ પણ નાખવામાં આવે છે.

આપણાં બાળકો આવો કૅમિકલવાળો ખોરાક ખાઈને બીમારીઓ તરફ આગળ વધી રહ્યાં છે તેમાં સૌથી મોટું પ્રદાન માતાઓનું છે. પ્રગતિના નામે માતાઓએ રસોડું છોડી દીધું છે. તેનો સૌથી મોટો ભોગ આપણાં બાળકો બની રહ્યાં છે.

એવી અનેક આધુનિક માતાઓ છે, જે ભણેલી છે. તેમણે બી.એ. કર્યું છે કે એમ.એ. કર્યું છે. તે ગ્રેજ્યુએટ થઈ છે કે પૉસ્ટ ગ્રેજ્યુએટ બની છે. સારી વાત છે. આપણી બહેનો ભણે તે મોટી વાત છે. જરૂરી પણ છે. અલબત્ત, મહત્ત્વનો મુદ્દો હવે આવે છે. આ શિક્ષણ તેમના જીવનમાં કેટલું ઉપયોગી થાય છે ? આવી માતાઓમાંથી કેટલી માતાઓ પોતાના બાળકને ભણાવે છે કે ભણવામાં મદદ કરે છે ? અરે, બાળક શાળા અને ટ્યૂશનના ભારથી દબાઈ જતું હોય ત્યારે પણ તેને પોતાના બાળકની સહેજ પણ દયા આવતી નથી. જાણે કે પોતાના બાળકના શિક્ષણ સાથે તેને કોઈ લેવા-દેવા જ નથી. ભણવું એ બાળકની પોતાની જવાબદારી છે અને તેમને ભણાવવું એ શાળાની જવાબદારી છે. વાત પૂરી. ખરેખર તો વાત પૂરી નથી થતી. ઘણીવાર તો વાત વણસી જાય છે. ગુજરાત રાજ્યમાં ૧૨-૧૪ કે ૧૮-૨૦ વર્ષના વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે એ સ્થિતિ શા માટે ઊભી થઈ ? એમાં માતાઓની જવાબદારી છે એવું મારું કહેવું નથી, પરંતુ એવું જરૂર કહેવું છે કે જો આપણી માતાઓ જવાબદાર અને જાગૃત બને તો આ આત્મહત્યાઓને અટકાવી શકાય.

આજની આધુનિક માતાઓ પોતાની કૅરિયર સાચવવા અને બનાવવા માટે બાળકની ઉપેક્ષા કરે છે. આવું અનેક ઘરમાં જોવા મળે છે, જ્યારે બાળકને સૌથી વધુ માતાની જરૂર હોય છે ત્યારે માતા તેને સમય અને પ્રેમ નથી આપતી. કોઈ દલીલ કરશે કે સ્થિતિ જ એવી હોય છે કે મહિલાએ ફરજિયાત નોકરી કરવી પડે તેમ હોય, તે ઈચ્છતી હોય તો પણ બાળકને સમય ન આપી શકે. કેટલાક અપવાદરૂપ કૅસની વાત ના કરીએ તો અનેક કૅસમાં મહિલા પોતાની વ્યક્તિગત આકાંક્ષા-મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે બાળકની ઉપેક્ષા કરે છે. દુઃખ સાથે કહેવું પડે છે કે આજની મૉર્ડન મહિલાઓને કાં તો બાળક જોઈતું નથી અને કાં તો તેને બાળઉછેર કરવાનું ગમતું નથી. બાળઉછેરથી તે ભાગે છે, કારણ કે તે સ્વાર્થી થઈ ગઈ છે. ભલે આજની માતાઓમાં ગઈકાલની માતાઓ જેવી સમર્પણ, ત્યાગ, બલિદાન કે સહનશક્તિની ભાવના ના હોય, પણ તેનામાં માતાની લાગણી તો હોવી જ જોઈએ ને ! જે કામ માતા કરીા શકે તે માતા જ કરી શકે, બીજું કોઈ ના કરી શકે. આ વાત સમજવાની જરૂર છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે એ વાત અમસ્થી નથી કહેવાઈ. માતાનું સ્તર ઘણું ઉપર છે, પણ આજની માતાઓએ એ સ્તરને નીચું લાવી દીધું છે.

અનેક માતાઓ એવી પણ હોય છે જે પોતાના બાળકને આખો દિવસ રોક-ટોક કરતી હોય છે. સતત તેની સરખામણી બીજા સાથે કરતી હોય છે. સંતાન પાસેથી અપેક્ષાઓ રાખીને તે અપેક્ષા કોઈ પણ રીતે પોતાનું સંતાન પરિપૂર્ણ કરે તેવો ગાંડો આગ્રહ રાખતી હોય છે. પાડોશીના બાળક કરતાં પોતાના બાળકને જો એક ટકો ઓછો આવી જાય તો તેના પર આભ તૂટી પડે છે. આવી માતાઓ જાણે-અજાણે પોતાના સંતાનનું મોટું નુકશાન કરતી હોય છે. બાળ ઉછેર એ નાની વાત નથી. શારીરિક રીતે માતા બનવું અઘરું છે તો હૃદયથી માતા બનવું કપરું છે.

આજકાલની અનેક ગુજરાતી અને આધુનિક માતાઓ આળસુ થઈ ગઈ છે. (બધી માતાઓની વાત નથી થતી, ગુજરાતી હોય એટલે બે પાંદડે સુખી હોય. ઘરનાં મોટા ભાગનાં કામ બંધાયેલાં હોય. ગુજરાતી મધ્યમવર્ગમાં મહિલાઓની સ્વતંત્રતાની એવી વ્યાખ્યા છે કે કચરા-પોતાં કરવાં, કપડાં ધોવાં, વાસણ ઉટકવાં અને રસોઈ કરવી... આ કામો જે ઘરમાં બંધાવેલાં હોય તે ઘરની મહિલાને સ્વતંત્રતા મળી છે તેમ કહેવાય. ઘરનાં કામ બંધાવી દેવાથી ઘરની મહિલા છુટી થઈ જાય છે. જોકે ઘણા કેસમાં વધારે પડતી છુટી થઈ જાય છે. કામ કરવાની ટેવ નથી રહેતી એટલે ધીમે ધીમે તે આળસુ થઈ જાય છે. ખાધુ-પીધું અને મોબાઈલ ફોન મચડ્યો કે પછી ખાધું-પીધુંને ફેસબુક તથા વોટ્સ-એપ કર્યું.. તેમાંજ તેનું જીવન ગોઠવાઈ જાય છે. આ સ્થિતિ માતા કે વ્યક્તિ તરીકે તેના પોતાના માટે અને બાળક માટે નુકશાનકારક છે તેની તેને ખબર જ પડતી નથી.

આજની અનેક મોર્ડન માતાઓ સ્વાર્થી થઈ ગઈ છે. તે પોતાના શરીર અને કેરિયરની એટલી બધી કેર કરે છે કે પોતાના બાળકની કેર કરવાનો તેની પાસે સમય નથી. બાળક ચાઈલ્ડ કેર સેન્ટર મોટું થઈ જાય પણ તેના બાળપણ સાથે કાળો કેર વર્તાય. મેકઅપના લપેડા કરીને પોતાના મોઢા અને શરીરને સતત સુંદર દેખાડવા મથતી માતાઓને એટલું પૂછવાનું મન થાય કે તમારું સંતાનના મન પર અનેક ઉઝરડા પડી રહ્યા છે તે તમને કેમ દેખાતા નથી. સૌંદયની ટીકા નથી, તમે તમારી જાત માટે જીવો તે તો ઘણી મોટી વાત છે (ભારતની સ્ત્રી પોતાની જાત માટે નથી જીવી તેથી જ તેનું પારાવાર શોષણ થયું છે એ વાત જગજાહેર છે.) પણ તમારી પોતાની જે જવાબદારી છે તેના ભોગે તમે ભોગવિલાસ કરો તે ના ચાલે. તમે પોતાના માટે જરૂર જીવો, તમારી સજ્જતા વિકસાવો, પ્રવૃતિ કરો, નોકરી કરો, ધંધો કરો, તમારું મન કહે તે બધું જ કરો, એ તમારો અબાધિત અધિકાર છે, કોઈનેય તેનો વિરોધ કરવાની છૂટ નથી. પણ સાથે સાથે તમારે એ પણ યાદ રાખવાનું છે કે જો તમે એક માતા છો તો તમારે જવાબદાર માતા બનવાનું છે. તમારે તમારા સંતાનને પૂરો સમય અને પ્રેમ આપવાનો છે. સમગ્ર વિશ્વમાં જે કેટલાંક અત્યંત જરૂરી કાર્યો છે તેમાં બાળઉછેરનો સમાવેશ થાય છે. આ કામ જેટલું જરૂરી છે એટલું જ નાજુક છે. આ કામ માતાનું જ કામ છે. બાળઉછેરમાં પિતાની જવાબદારી છે પણ માતાની તોલે તે ના આવે. બાળઉછેર ડહોળાય તો આખો પરિવાર ડહોળાય, બાળકનું ભવિષ્ય ડહોળાય, પરિવાર અને સમાજ ડહોળાય અને છેવટે રાષ્ટ્ર ડહોળાય. બાળકને જવાબદાર વ્યક્તિ અને આદર્શ નાગરિક બનાવવામાં માતાનો સિંહફાળો હોય છે. જો માતા આ ભૂમિકા ચૂકે તો માવનજાતને જે નુકશાન થાય તે કોઈ પણ રીતે ભરપાઈ ના કરી શકાય.

# શહેર બનવાની આંધળી દોટમાં લુપ્ત થઈ રહેલા ગામડાને બચાવીએ

સસ્પેન્સ છે!
વિકરાળ શહેર આગળ વધતું વધતું,
ગામનો કોળિયો કરી જાય છે, ત્યારે ગામને શું થાય છે?
સસ્પેન્સ છે!
દાદા-દાદીથી વંચિત બાળક
ટી.વી. જોતાં જોતાં જ સૂઈ જાય છે.
તેને સ્વપ્નમાં શું થાય છે?
સસ્પેન્સ છે!
‘દરિયા’ના અરમાન લઈને સાસરે આવેલી
કન્યાનો ખોબો, લાગણીથી માંડ માંડ ભરાય છે, તેની આંખોમાં શું વંચાય છે?
સસ્પેન્સ છે!
ભણવા જવાની ઉંમરે એક બાળકનું બાળપણ પછી તેની યુવાનીનું શું થાય છે?
સસ્પેન્સ છે!
આખો દિવસ થાકીને સાંજે ઘરે આવેલું ઈચ્છાઓનું શરીર,
રાત્રે ઊંઘની ગોળી લઈને શમી જાય છે,
પછી એ ઈચ્છાઓનું શું થાય છે?
સસ્પેન્સ છે!

કાળઝાળ ગરમીની આ ઋતુમાં આ પૃથ્વીનું આવનારા સમયમાં શું થશે એ પણ એક સસ્પેન્સ જ છે ને! આપણે કંઈ જ સમજ્યા કે વિચાર્યા વિના આંખો બંધ કરીને એક એવી ‘Rat-race’ નો હિસ્સો બની ગયા છીએ કે જેમાં આપણું સ્વાસ્થ્ય, આપણા અંગ સંબંધો, આપણી આસપાસની પ્રાકૃતિક અને નૈસર્ગિક સજીવસૃષ્ટિ આ તમામને થઈ રહેલા ભારેખમ નુકશાનને જોઈ શકતા જ નથી. રોજબરોજના આપણા વર્તન વ્યવહારમાં ધીરે- ધીરે વધતી જતી આપણી બેદરકારી કોઈ મોટું નુકશાન ન કરે ત્યાં સુધી આપણે આવનારા નુકશાનથી અજાણ બની રહીએ છીએ. રાતોરાત કોઈ વસ્તુ કયારેક બગડી જતી નથી. પછી તે સંબંધ હોય કે પર્યાવરણ. રાતોરાત ગ્રામ્ય સંસ્કૃતિ લુપ્ત થઈ નથી, રાતોરાત દાદા-દાદી કે નાના-નાની સાથેને પૌત્ર-પૌત્રીઓનો સંબંધ વણસ્યો નથી, રાતોરાત અરમાન ભરેલી કોઈ નવોઢા અગ્નિસ્નાન માટે પ્રેરાતી નથી હોતી અને રાતોરાત ચારેબાજુ ઘોર અંધકાર અને નિરાશાના વાદળો ઘેરી વળતા નથી. રાતોરાત ગરમી ૪૫ ડિગ્રી અને તેમાંથી વધીને ૪૮ ડિગ્રી થઈ નથી એના

માટે આડેધડ વૃક્ષોનું છેદન અને પર્યાવરણને વર્ષોથી થઈ રહેલું નુકશાન જવાબદાર છે!

મૃત્યુ એ આપણા જીવનનું સનાતન સત્ય છે પણ એક હકીકત એ પણ છે કે મૃત્યુ પછી શું થવાનું છે એ એક સસ્પેન્સ છે. એકવાર એક પત્રકાર પોતાના એકધાર્યા મૃત્યુનોંધ લખવાના કાર્યથી કંટાળ્યો. તેણે કોરો કાગળ લઈને મથાળે સહેજે પોતાનું નામ લખ્યું. પછી એને થયું, લાવને, મારી પોતાની જ મૃત્યુનોંધ લઈ જોઉં! પોતાના વિશેનો અંતિમ લેખ લખવાનો પ્રસંગ જો આવે, તો માણસને તેમાં કઈ કઈ બાબતો રજૂ થયેલી જોવી ગમે.? અને તેના આશ્ચર્ય વચ્ચે લખતાં લખતાં ત્રણ પાનાં ભરાઈ ગયાં! જે જે વસ્તુઓ કરવાની ઝંખના એના દિલમાં હંમેશા રહ્યા કરેલી, તે બધી જાણે કે સિદ્ધ થઈ ચૂકી હોય તે રીતે એણે પોતાના વિશે નોંધ લખી. તેમાં કેટલીક તેની અંગત બાબતો હતી, તો કેટલીક તેની આસપાસના સમાજને લગતી પણ હતી, ‘મરહૂમે,’ એણે લખ્યું : ‘૩૨ વરસની ઉંમરે અરબી ભાષા શીખવા માંડેલી, અને બે વરસમાં તો એનો આસાનીથી ઉપયોગ કરતા એ થઈ ગયેલા. સ્કાઉટની એક ટુકડી ઊભી કરવામાં તેમણે સહાય કરેલી અને નગરના જાહેર જીવનમાં પણ ભાગ લીધેલો...’ એ રીતે પોતાના અંતરમાં સૂતેલી પડેલી આકાંક્ષાઓને તે પત્રકાર કાગળ પર આકાર આપતો ગયો. અને બીજે જ દિવસે જઈને એણે અરબી ભાષાના એક વર્ગના નામ નોંધાવ્યું. સ્કાઉટ પ્રવૃત્તિના મથકની મુલાકાત પણ તેણે લીધી. એમ એક પછી એક કદમ એ માંડતો ગયો. એ મૃત્યુનોંધ એની નજર સમક્ષ એક મંઝિલ બની ગઈ - અને તેને સાચી પાડવા એ કામે લાગી ગયો. આ વિચાર આપણે સૌએ પણ કરવા જેવો છે. મૃત્યુ બાદનું સસ્પેન્સ ભલે અકબંધ રહેતું મૃત્યુ પહેલાં કરવા જેવી કેટકેટલી બાબતો છે એ વિષે એકાદ પાનું લખી તો જુઓ!




આપણે આજે એક ગળાકાપ પ્રતિસ્પર્ધાના યુગમાં જીવી રહ્યા છીએ અને દરેકને પોતાની પાસે છે એનાથી કેટલાય ગણું વધુ પામવાની ઝંખના છે. આ ઝંખના કયારે ઘેલછામાં પરાવર્તિત બનીને આપણી પર હાવી થઈ બેસે અને કયારે આપણે અચાનક જ મૃત્યુની સાવ લગોલગ આવીને ઊભા રહી જઈએ છીએ તેનો ખ્યાલ પણ આપણને રહેતો નથી! અને ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ કે આજીવન કેટલી વ્યર્થ બાબતોમાં સમય પસાર થઈ ગયો અને જે કરવાનું હતું એ જ રહી ગયું. ગ્રામ્ય સંસ્કૃતિ અને ગામડાની ભાતીગળ ભીનાશ આપણા હૈયામાં હંમેશ લીલીછમ્મ રહેતી હોય છે પણ આજે તો આ ગામડું જ જાણે લુપ્ત થઈ રહ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે;

‘ઝાડ તણાં ઝૂંડોમાં છૂપ્યું છે ગામડું !
સૂરજ સંગાથે રોજ ઊગ્યું છે ગામડું !...
પરસેવે રેબઝેબ, તેલ્યું છે ગામડું!
સપનોની છલકાતી થેલ્યું છે ગામડું !...
ગાલ્લીના ઘૂઘરામાં રણકે છે ગામડું !
ગીત જેવું છાતીમાં કણસે છે ગામડું !...’
- શંકરબાઈ બુ. પટેલ

શહેર બનવાની આંધળી દોટમાં લુપ્ત થઈ રહેલા ગામડાને બચાવીએ. આપણે કેટકેટલા પૈસા ખર્ચીને દેશી ભાતીગળ ગ્રમ્ય દેખાતી રેસ્ટોરન્ટ્સમાં જમવા જઈએ છીએ તે જ આપણો આપણી ભાતીગળ સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. આપણને મળેલા આ અમૂલ્ય જીવનની પળેપળને મનભરીને માણીએ અને જીવી લઈએ!

- nehalgadhavi101@gmail.com

# પરમાદેશ અને નૈસર્ગિક ન્યાયની સમજુતી

## કોઈપણ કાયદા કે સંવિધાનની જોગવાઈ સિવાય કોઈ પ્રધાનને રાજીનામું આપવાનો આદેશ આપી શકાય નહિ

પરમાદેશ એટલે હુકમ અથવા આદેશ એવો કાયદામાં વ્યાખ્યા કરવામાં આવેલ છે. પરમાદેશ દ્વારા વડી અદાલત જાહેર સત્તામાં કાર્ય કરતા સત્તાધિશોને કાર્ય કરવા અગર તો ના કરવા માટે આદેશ જારી કરે છે અથવા કરવા અગર તો જે તે સત્તાધિશને કોઈપણ કાર્ય કરતા અટકાવવાનો આદેશાત્મક હુકમ કરે છે તેને પરમાદેશ કહેવામાં આવે છે.

મહદઅંશે જાહેર હેતુ માટે અને ફરજ પાલન માટે આ રીટ કાઢવામાં આવે છે. જે મુજબ જાહેર હિત કે હોદ્દો ધરાવતી વ્યક્તિ કે સંસ્થા તેની જાહેર ફરજો બજાવવામાં નિષ્ફળ જાય તો વડી અદાલત તેને પરમાદેશની રીટ દ્વારા તેવી ફરજો બજાવવા આદેશ જાહેર કરી શકે છે. પરમાદેશની રીટ કાનુની હક્ક ઉપસ્થિત થયેલ હોય ત્યારે જ મળી શકે છે. આવો હક્ક કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવો હોવો જોઈએ. જયારે કોઈ વ્યક્તિને તેના કાનુની હક્કથી કોઈ એવી વ્યક્તિએ વંચીત રાખેલ હોય કે જેની તે કાર્ય કરવાની કે ન કરવાની કાનુની ફરજ બનતી હોય. પરમાદેશ મેળવનાર વ્યક્તિએ સ્પષ્ટ રીતે દર્શાવવું જોઈએ કે સામાવાળા સામે કંઈ કાર્ય કરવાનો કે કાર્ય અટકાવવાનો કાનુની હક્ક હતો એટલે કે અરજદારને સામાવાળા પાસેથી કોઈ કાર્ય્ કરવાની જાહેર ફરજ હોવી જોઈએ તે ભારતના સંવિધાન અથવા અન્ય કોઈ કાયદા દ્વારા કે કોમન લૉ દ્વારા લાદવામાં આવી હોવી જોઈએ. અલબત આવી જાહેર ફરજ વૈદ્યાનિક હોવી જરૂરી નથી પરંતુ ફરજ જાહેર ફરજ હોય તે ખાસ જરૂરી છે. પક્ષકારો વચ્ચેની સમજુતીથી ઉપસ્થિત થયેલી ફરજ કે હક્ક માટે પરમાદેશ રીટ મળી શકે નહિ. પીટીશનર અને પક્ષકાર વચ્ચે થયેલા કરારના ભંગની શકયતાઓને અનુલક્ષીને પરમાદેશની અરજી થતા અદાલતે કઠરાવ્યું હતું કે પરમાદેશ માત્ર જાહેર સ્વરૂપની ફરજોના પાલન માટે જ આપી શકાય.

જો યોગ્ય હકુમત ધરાવતી ટ્રીબ્યુનલની સત્તા મર્યાદા અનુસારના આદેશોનું તાબા હેઠળની ટ્રીબ્યુનલ અમલ કરવાની ના પાડે તો તેની સામે પરમાદેશની રીટ જાહેર કરી શકાય છે. નિયમોની વિરૂધ્ધમાં તૈયાર કરેલ જયેષ્ઠતા યાદી કે બઢતી રદ કરવા માટે પરમાદેશની રીટ પણ થઈ શકે છે.

જયારે અરજમાં માંગવામાં આવેલી દાદનું વિષયવસ્તુ સંવિધાનની દ્રષ્ટ્રીએ પાલન કરવા માટે ફરજ પાડી શકાય તેવું ના હોય ત્યારે પરમાદેશ રીટ જારી થઈ શકે નહિ. દા.ત. કોઈપણ કાયદા કે સંવિધાનની જોગવાઈ સીવાય કોઈ પ્રધાનને રાજીનામું આપવાનો આદેશ આપી શકાય નહિ.

જયારે વહીવટી સત્તાધિશની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાની ફરજ હોય પરંતુ તેવો આવી સત્તાનો ઉપયોગ કરવાનું ચુકયા હોય તે પણ અદાલત વિવેકાધિન સત્તાના ઉપયોગ માટે પરમાદેશ જારી કરી શકે નહી. દા.ત. હોસ્પિટલના વહીવટમાં ગેરરીતીના આક્ષેપો બાબતમાં હક્કિતો મેળવવા અદાલત તપાસ પંચ નીમિ શકે તરંતુ રાજયને તપાસ પંચ નિમવા પરમાદેશ જારી કરી શકે નહિ. આ રીતે જયારે વિવેકાધિન હકુમત હોય ત્યાં પરમાદેશ રીટ જારી થઈ શકે નહિ.

પરમાદેશ અને નૈસર્ગીક ન્યાયનો સીધ્ધાંત એ બે એકબીજાની પુરક બાજુ છે. નૈસર્ગીક ન્યાયના સીધ્ધાંત અનુસાર કોઈ પણ વ્યક્તિને સાંભળ્યા વીના તેની સામે કામ ચલાવી શકાય નહિ તેમજ કોઈ પણ ગેરવર્તુણુંકની શિક્ષા પ્રાશ્ચવર્તી અસરથી લાગુ પાડી શકાય નહિ જે કૃત્ય માટે શિક્ષા કરવાની થતી હોય તે કૃત્ય કે નિયમો કે કાયદા અનુસાર તે સમયે જ ગુન્હો બનતો હોય તો જ તેને માટે શિક્ષા થઈ શકે. કૃત્ય થઈ ગયા પછી પ્રાશ્ચાતવર્તી અસરથી તેને ગેરવર્તન ઠરાવતો નિયમ અમલમાં મુકી શિક્ષા કરી શકાય નહિ.




પરમાદેશની રીટ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતે મંજુરલાબેન વાની વિરૂધ્ધ સરપંચ રાવણી ગ્રામ પંચાયતના કેસમાં પીટીશનરની રાવણી ગ્રામ પંચાયલ સ્કુલમાં ટીચર તરીકે નિમણુંક થયા પછી સરકાર તરફથી અનુદાન ન મળવાના કારણે અરજદારને ફરજ ઉપર લેવામાં આવી ન હતી. અરજદારે શાળાના નિર્ણય સામે ટ્રીબ્યુનલ રજુઆત કરતા ટ્રીબ્યુનલે અરજદારને ૧૯૮૧ થી ૧૯૮૯ સુધી પગાર ચુકવવા હુકમ કરી પરમાદેશ જારી કરેલ જે નોંધ પાત્ર ચુકાદો ગણવામાં આવે છે.

પરમાદેશનો અર્થ “અમારો આદેશ છે.’’ પરમાદેશ એક ન્યાયીક ઉપચાર છે. સંવિધાનની કલમ-૨૨૬, અનુચ્છેદ-૩૨માં કોર્ટને આદેશ આપવાનો હુકુમત છે. પરમાદેશમાં બંદિપ્રત્યક્ષિકરણ, ઉત્પ્રેશણ, અને અધિકારો માટેની પૂછપરછનો સમાવેશ થાય છે. પરમાદેશ પાંચ પ્રકારનાં હોય છે. ૧. હેબીયસ કોર્પસ, ૨. મેન્ડામસ, ૩. પ્રોહિબિશન, ૪. ક્રીટોરરી, ૫. કવોવોરંટો. આ રીતે પાંચ પ્રકારનાં આદેશ આપવાનાં કોર્ટને સત્તા છે. પરમાદેશ એ એવી વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવે છે કે જેનો ઉદ્દેશ શુધ્ધ અને સાર્વજનિક હોય અને પ્રાધિકરણને કર્તવ્યનું પાલન કરવા માટે હોય. ભારતીય સંવિધાનમાં આને રીટ તરીકે પણ દાખલ કરી શકાય છે. ભારતનાં સંવીધાનમાં સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ભારતનાં સંવિધાનની કલમ-૨૨૬ મુજબ રીટ જારી કરી શકાય છે.

પરમાદેશમાં અરજદારે સાબીત કરવું જોઈએ કે તેને કઈ બાબતે કાનુની હક્ક છે અને આમ કરવા સામાવાળા કાનુની રીતે ફરજથી બંધાયેલા છે અને તેણે તેમ કરવામાં તેની ફરજનું પાલન કરેલ નથી. જો ફરજ સંવિધાન કે કાયદા દ્વારા કે કોમન લૉ દ્વારા લાદવામાં આવી હોય અને તેનો અમલ ન થયો હોય ત્યારે જ પરમાદેશની રીટ કરી શકાય છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
www.trivediassociates.in